Extra No. 255

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **SATURDAY, JULY 12, 2025 / ASADHA 21, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), મહેસાણાના જા. નં.જા.પ્ર/SRPDN/SO-2/૩૫૪/ સને ૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનુ :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૮૦૬૮ થી ૮૧૨૭/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), મહેસાણાના જા. નં.જા.પ્ર/SRPDN/SO-2/૩૫૪/ સને ૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫થી રાધનપુર-સમી-હારીજ-ચાણસ્મા રસ્તા (SH-55) પર ગામ-ગોચનાદ, તા.સમી, જી.પાટણ પાસે કિ.મી. ૬/૫૫૨ પર આવેલ બનાસ નદી ઉપરનો હયાત બ્રિજ વર્ષ-૧૯૬૫ માં બનાવવામાં આવેલ હોઈ, જેને ધ્યાને રાખતાં આગામી સમયમાં કોઈ અનઈચ્છનીય બનાવ ન બને તે હેતુથી તકેદારીના ભાગ રૂપે "ભારે વાહનોના ટ્રાફીકને પુલ ઉપરથી પ્રતિબંધિત કરી, નીચે મુજબના અન્ય રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા માટે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

- રાધનપુર-સીનાડ-ઉણ-થરા-ટોટાણા-રોડા-વેજાવાડા-બોરતવાડા-હારીજ (ભારે વાહનો માટે)

સબબ, રાધનપુર-સમી-હારીજ-ચાણસ્મા રસ્તા (SH-55) પર ગામ-ગોચનાદ, તા.સમી, જી.પાટણ પાસે કિ.મી. ૬/૫૫૨ પર આવેલ બનાસ નદી ઉપરનો હયાત બ્રિજ ઘણો જૂનો હોઈ, બ્રિજ પરના ભારે વાહનોના ટ્રાફિકને પુલ ઉપરથી પ્રતિબંધિત કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવલ્ક્ય જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ(IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા. ૧૧/૦૭/૨૦૨૫ થી તા.૦૮/૦૯/૨૦૨૫ સુધી ભારે વાહનો માટે નીચેના જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

- રાધનપુર-સીનાડ-ઉણ-થરા-ટોટાણા-રોડા-વેજાવાડા-બોરતવાડા-હારીજ (ભારે વાહનો માટે)

શિક્ષા

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.28 17:28:54 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara